Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ગુજરાતના અજમેરી સમાજની ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ભાગીદારી

**મહંમદ અહેસાન એઅજમેરી.**
મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને
વિજ્ઞાન કોલેજ, બાવળા

ગુજરાતમાં સદીઓથી વસવાટ કરતો મુસ્લિમ અજમેરી સમાજ કુલ ત્રણ વિભાગોમાં વહેચાયેલો છે. (૧)કાઠીયાવાડી અજમેરી સમાજ (૨) મધ્ય અને ઉત્તર ગુજરાતનો અજમેરી સમાજ (૩) ખાનદેશી અજમેરી સમાજ. ખાનદેશી અજમેરી સમાજ મહારાષ્ટ્રના ધુલિયા નન્દૂરબાર, શાહદા વિસ્તારમાં વસવાટ કરતો હતો, પરંતુ તે સ્થાનિક મુસ્લિમ જાતિઓમાં વિલીન થઇ ગયો હોવાથી આજે અલગથી અસ્તિત્વ ધરાવતો નથી. કાઠીયાવાડી અજમેરી સમાજ અને ગુજરાતનો અજમેરી સમાજ તેરમી સદીના ઉત્તરાર્ધમાં રાજસ્થાનના અજમેર આસપાસના વિસ્તારમાં વસવાટ કરતી રાજપૂત કે કોઈ અન્ય હિંદુ જ્ઞાતિમાંથી ધર્માંતરણ કરી ઈસ્લામ ધર્મ અંગીકાર કરી બસો અઢીસો વર્ષના રાજસ્થાનમાં વસવાટ કર્યા બાદ મહેમુદ બેગડાના શાસન દરમિયાન ગુજરાતમાં રોજી રોટીની શોધમાં સ્થળાંતર કર્યું હતું. ગુજરાતમાં આવ્યા બાદ ઉપર દર્શાવ્યા મુજબના ત્રણ ભાગમાં વહેંચાઇ ગયો. ભૌગોલિક દૂરી અને પરિવહનના ટાંચા સાધનોને કારણે એકબીજા સાથેનો સંપર્ક ગુમાવ્યો અને વિસ્તાર મુજબ પોતાનો અલગ સમાજ તરીકે વિકાસ કર્યો. વર્ષોથી જુદી જુદી જગ્યાએ વસવાટ કરતા હોવાથી, લગ્ન સંબંધો પણ ના હોવા છતાં તેમની પરંપરાઓ, રિવાજો, પેટા શાખાઓ, માન્યતાઓમાં આશ્ચર્યજનક સામ્યતાના દર્શન થાય છે. તેમની દરેક પરંપરાઓમાં ગુજરાતી હિંદુ સમાજની ગાઢ અસર દેખાય છે. વળી રાજસ્થાનના રાજપૂત સમાજનાં રિવાજો, કૂળદેવી, અંધશ્રદ્ધાઓ પણ તેણે પકડી રાખ્યા છે. આ સમાજની ગુજરાતી બોલી, ગુજરાતી પહેરવેશ, દેશ તેવો વેશ કરવો અને વેપારી કુનેહના કારણે ગુજરાતના અજમેરી સમાજે બહુમતી હિંદુ ધરાવતા ગામડાઓમાં જઈને વસવાટ કર્યો, એટલુ જ નહિ પરંતુ દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા. ગુજરાતના અજમેરી સમાજે સામાજિક ક્ષેત્રે પોતાની આગવી છાપ ઉભી કરી છે. ભારતીય સંસ્કૃતિ તેણે અપનાવી લીધી છે એટલું જ નહિ પણ આત્મસાત કરી લીધી છે. અત્રેના લેખમાં ભારતની સાંસ્કૃતિક પરંપરાઓમાં ગુજરાતના મુસ્લિમ અજમેરી સમાજની ભાગીદારી ક્યાં ને કેટલા પ્રમાણમાં જોવા મળે છે તેની ચર્ચા કરવામાં આવી છે. ગુજરાતના મુસ્લિમ અજમેરી સમાજમાં હાલમાં કાઠીયાવાડી અજમેરી સમાજ અને મધ્ય અને ઉત્તર ગુજરાતના અજમેરી સમાજ અસ્તિત્વ ધરાવતા હોઈ આ બંને સમાજને ધ્યાનમાં રાખી વિગતે ચર્ચા કરવામાં આવી છે.

**જન્મ** : ગુજરાતના અજમેરી સમાજમાં હિંદુ સમાજમાં પ્રચલિત રિવાજ છે તે પ્રમાણે પ્રથમ પ્રસવ સમયે વહુ પિયરમાં જાય છે અને બાકીની સુવાવડો સાસરીમાં થાય છે. બાળકના જન્મ સમયે ગળથુથી આપવી, જન્મ બાદ બાળકના પિતાના ઘેર કંકૂછાંટણા કરેલા પત્ર લઈ વધામણી આપવા જવું, વધામણી આપવા બદલ આવેલ વ્યક્તિને

ભેટ આપવી જેવી પરંપરા આજે પણ હયાત છે. નામકરણમાં પણ એકાદ પેઢી પહેલા રહેલી માન્યતા મુજબ નાથો, પૂંજો, ભીખો, માધો, અમથો, જીવો, બાબુ, જગો, કાળુ જેવા વિચિત્ર નામ પાડવાની પરંપરા હતી. ફોઈબા દ્વારા નામ પાડવું, નામ પાડવા બદલ ફોઈને સાડી કે દાગીનો ભેટ આપવો જેવો રિવાજ પણ અસ્તિત્વ ધરાવે છે. બાળકને છઠ્ઠીના દિવસે ઝભલું પહેરાવવું, સુવાવડીના ઓશીકે લોખંડની વસ્તુ કે દરવાજે લીમડાના પાન રાખવાની પરંપરા પણ છે. પુત્ર જન્મ થાય તો પાંચ શેરની લાપસી અને પુત્રી જન્મ થાય તો સવાશેરની લાપસી કરવાનો રિવાજ છે. ચંદેલ નામની પેટાશાખનાં અજમેરી સમાજના લોકો લાપશીમાં સવાના દાણા નાખે છે, જે અજમેર આસપાસના ચંદેલ હિંદુ રાજપુતોમાં પણ આ પરંપરા આજે પણ જોવા મળે છે. જન્મ પ્રસંગે બનાવેલી લાપશી ગોત્ર બહારની કોઈ વ્યક્તિ ખાઈ જાય તો તેને એક મોટું અપશુકન ગણે છે. જન્મના ચાલીસ દિવસ બાદ ગોયણી જમાડવામાં આવે છે. ગોયણીમાં ત્રણ, પાંચ, સાત એકી સંખ્યામાં સ્ત્રીઓ જમાડવાની હોય છે, જેમાં ૨ : ૧ નાં પ્રમાણમાં કન્યા વહુનું પ્રમાણ હોય છે. કાઠીયાવાડી અજમેરી સમાજમાં ગોયણીની જગ્યાએ સુખડી બનાવે છે. કાઠીયાવાડી અજમેરી સમાજનું જન્દરાણ શાખના લોકો પોતાને જાદવ કે યાદવ કુળનાં ગણતા હોવાથી ગૌહત્યા કે વાછરડાની ખસી કરતા નથી.

**બાબરી** : બાળક જન્મના સવા મહિના બાદ બાબરી ઉતારવામાં આવે છે. બાળકના કપાયેલા વાળની ભારોભાર ફોઈને સોનું દાગીનો અથવા બીજી કોઈ ભેટ આપવામાં આવે છે. કુટુંબની બેન દીકરીઓને સાડી અથવા રોકડ ભેટ આપવામાં આવે છે.

**સગાઇ** : ગુજરાતના અજમેરી સમાજમાં સગાઈની વિધિ હિંદુ ગુજરાતી સમાજને બિલકુલ મળતી આવે છે. અન્ય મુસ્લિમ સમાજની જેમ સગાઇ અત્યંત નજીકના સગાઓમાં કરતા નથી. કાઠીયાવાડી અજમેરી સમાજમાં તો એક જ ગોત્રમાં પણ સગાઇ થતી નથી. કન્યા પક્ષના વડીલો વર પક્ષના ત્યાં જઈ સામસામે બેસે છે અને કન્યા પક્ષના વડીલ પુરુષ કન્યા પક્ષના વડીલ પુરુષના હાથમાં એક રૂપિયાનો સિક્કો હાથમાં આપી મોટેથી આજુ બાજુ સંભળાય એ રીતે અબક ની પુત્રીની સગાઈનો રૂપિયો સગાઇ પેટે કખગ નાં પુત્ર સાથે આપું છું ત્યારબાદ શુકનરૂપે શ્રીફળ અને સવાશેર ખાંડ આપે છે. ત્યારબાદ એકબીજાને ગોળ ખવડાવે છે. વરપક્ષની કોઈપણ વહુ ખભે રૂમાલ મૂકીને શ્રી ફળ, ખાંડ અને થાળીમાં મુકેલો રૂપિયો કંકુ છાંટણા કરી ચોખાથી વધાવી લઇ જાય છે. લોકો ગોળ થી એકબીજાનું મોં મીઠું કરી સ્ત્રીઓ ગીતો ગાય છે. કન્યા પક્ષ તરફથી વરપક્ષની સ્ત્રીઓને સગાઇ પેટે સાડી અને પુરુષને ધોતી અને હવે શર્ટપીસ ઓઢાડવાનો રિવાજ છે. કાઠીયાવાડી અજમેરી સમાજમાં સગાઈના રિવાજમાં થોડી ભિન્નતા જોવા મળે છે. આ સમાજમાં ઘણીવાર કન્યાપક્ષ વરપક્ષ પાસેથી "દેશ" તરીકે ઓળખાતી રકમ વસૂલે છે, જે વરપક્ષ જાન લઈને આવે ત્યારે થતા ખર્ચ પેટે હોય છે, જોકે આ રિવાજ હવે લુપ્ત થતો જાય છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

**લગ્ન :** લગ્નની તારીખ નક્કી થઇ જાય પછી કન્યા પક્ષ તરફથી કેટલીક વ્યક્તિઓ કંકોત્રી લઈને વરપક્ષના ઘેર જાય છે. કંકોતરીની સાથે નાળાછડી વીંટેલું શ્રીફળ, સાકર હોય છે. વરપક્ષની કોઈ વ્યક્તિ ઉભા થઈને મોટેથી કંકોત્રી વાંચે છે, મોં મીઠું કરવામાં આવે છે. ત્યારપછી સગાઈની વિધિની જેમ કંકુ ચોખાથી લગ્નની કંકોત્રી વધાવી લેવામાં આવે છે. નાળાછડી વીંટિલ શ્રીફળ સાચવીને ઉંચી જગ્યાએ મૂકવામાં આવે છે, જે હાથમાં રાખી વરરાજા જાન લઈને જાય છે.

**માંડવો :** લગ્નનાં એક બે દિવસ પહેલા માંડવો નાખવામાં આવે છે. માંડવો સારા શુભ દિવસ, વાર, ચાંદ, ચોઘડિયું જોઈને રોપવામાં આવે છે. ખીજડાના વૃક્ષનું એક બે ફૂટ લાંબુ લાકડું કુલડીમાં દહીં અને રૂપિયો કે પૈસો ઘરના આંગણામાં પ્રવેશદ્વારની જમણી બાજુ નાનો ખાડો ખોદીને નાખવામાં આવે છે. ચાર પાંચ કુંવારા છોકરાઓ આ ખીજડાના લાકડાને લાવે છે. આ લાકડાને નાળાછડી બાંધવામાં આવે છે. માંડવો રોપાઈ ગયા બાદ જ નાનકડી ચુંદડી કે મંડપ બાંધવામાં આવે છે.

**વરધની માટલી :** કન્યાના લગ્ન હોય તો કુંભારના ત્યાં વરધની માટલી લેવા કુંભારણ માટે સાડી, ઘઉં, ઘી, ગોળ લઈને અજમેરી સમાજની સ્ત્રીઓ વાજતે ગાજતે જાય છે. કુંભાર પાંચ સાત માટલીને સફેદ રંગથી ચીતરીને રાખે છે. અજમેરી સમાજની પાંચ સાત સ્ત્રીઓ આ માટલીને કંકુ ચાંદલો કરીને વધાવે છે. કુંભારણ આ દરેક સ્ત્રીના હાથમાં નાળાછડી બાંધે છે. કાઠીયાવાડી અજમેરી સમાજમાં ઢોલીના ઢોલને પણ વધાવવામાં આવે છે.

**પીઠી કરવાનો રિવાજ :** વર અને કન્યા બંને પક્ષના લોકો વર-કન્યાને પીઠી કરે છે. પીઠી માટે હળદર, શેકીને દળેલા મગ અને ઘઉં, તેલ અને પાણી મળીને પીઠી બનાવવામાં આવે છે. પીઠી ફક્ત સૌભાગ્યવતી સ્ત્રી જ કરી શકે છે. પીઠી ત્રણ, પાંચ કે સાત વખત કરવામાં આવે છે. પીઠી ચોળનાર દરેક સ્ત્રી હાથમાં નાળાછડી બાંધે છે. પીઠી ચોળનાર સ્ત્રીઓ નાગરવેલના પાનને તેલમાં ઝબોળીને સૌ પ્રથમ માથા પર પછી ખભા પર, ઢીંચણ પર અને છેલ્લે પગની ઘૂંટી પર અડાડે છે આ વિધિને તેલ ઉતાર્યું એમ કહે છે. ત્યારબાદ આ વિધિ ઉલટી દિશામાં કરે તેને તેલ ચઢાવ્યું એમ કહે છે.

**ગોત્રજ :** માંડવો રોપાઈ ગયા બાદ વર અને કન્યાના ઘરના એક સલામત ખૂણામાં પાણીયારા પાસે ગોત્રજની સ્થાપના કરવામાં આવે છે, જે હિંદુ સમાજની ગણેશ સ્થાપના જેવી હોય છે. એક બાજઠ પર લાપશીના સાત મુઠીયા મૂકવામાં આવે છે. તેના પાસે ઘઉંની સાત ઢગલીઓ કરવામાં આવે છે. તેની પાસે ઘીનો દીવો કરવામાં આવે છે, જે લગ્ન પુરા નાં થાય ત્યાં સુધી અખંડ રહે છે. દીવા પાસે સવા રૂપિયો અને શ્રીફળ મૂકે છે. આ બાજઠ દીવાલ પાસે મૂકીને દીવાલ

પર લાપશીથી ગળામાં હાર પહેરાવતા હોય એ આકારે નાળાછડી ચોટાડે છે. અને દીવાલ પર ઘીના સાત ચાંદલા કરે છે. આ આકાર દેવીના રૂપના આકાર જેવો હોય છે. ત્યારબાદ કૂળદેવી "જીચામાં" પાસે અવસરની ક્ષેમ કુશળતા માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ વિધિ આજે પણ અજમેર આસપાસના રાજપૂતોમાં કરવામાં આવે છે.

**મામેરું :** મધ્ય અને ઉત્તર ગુજરાતના અજમેરી સમાજમાં પુત્ર કે પુત્રીના લગ્નમાં મામા તરફથી મામેરું ભરવામાં આવે છે. માંડવો રોપાઈ ગયા પછી લગ્નનાં આગલા દિવસે મામેરું ભરવામાં આવે છે. પુત્રીના લગ્નમાં મામા તરફથી ભાણીને પુરતના સાત વાસણ આપવામાં આવે છે. એમાં તાંબાનું બેડું, પિત્તળનું બુજારું, તાંબાનો લોટો, તાંબાનો થાળ, કાંસાનો વાડકો અને પિત્તળનો ગ્લાસ હોય છે. બેડામાં સવા રૂપિયો અને સાકર મૂકવામાં આવે છે. બેડા પર લીલા રંગનું કપડું ઢાંકવામાં આવે છે. આ સિવાય ભાણા કે ભાણીનાં માટે લગ્નમાં પહેરવાના કપડાં, તેમના માતા પિતા, કાકા- કાકી, દાદા- દાદી, ફોઈ- ફુઆ ભાઈ- ભાભી એમ સમગ્ર કુટુંબીજનો માટે કુટુંબ પહેરામણી કરવામાં આવે છે. રોકડ રકમ પણ ભેટમાં આપવામાં આવે છે.

**જાન :** અજમેરી સમાજમાં આજથી ચાલીસ પચાસ વર્ષ પહેલાં રાત્રીના લગ્ન રાખવામાં આવતા. જાન કન્યા પક્ષે બે ત્રણ દિવસ રોકાતી જેમાં કન્યા પક્ષને આર્થિક રીતે ખૂબ ખર્ચ થઇ જતો. જોકે હવે તેમાં સુધારો થયો છે. પહેલાના સમયમાં વાર અને કન્યા ગુજરાતી હિંદુ પહેરવેશ પહેરીને લગ્ન કરતા, પરંતુ હવે આધુનિકતા આવતાએ વરરાજા શૂટ-બૂટ અને કન્યાઓ આધુનિક ડ્રેસ પહેરતી થઇ છે. લગ્નમાં અજમેરી સમાજની સ્ત્રીઓ ગુજરાતી સાડી જ પહેરે છે. જાન કન્યા પક્ષના પાદરે પહોંચે ત્યારે વરરાજાની સાસુ દ્વારા"અબોખો" લઇ જવાની પ્રથા છે. જેમાં તાંબાનો લોટામાં પાણી, શ્રીફળને રૂમાલ ઢાંકીને લઇ જાય છે. જમાઈને નજર નાં લાગી જાય એ માટે જમાઈના માથેથી પાણીનો લોટો ઉતારે છે. જમાઈને કંકુ ચોખાથી વધાવે છે. આ દરમિયાન સાસુ ચપળતાથી વરરાજાનું નાક ખેંચી લેવાની પણ પ્રથા છે. સામસામે ફટાણાં ગવાય છે. વરરાજા દ્વારા સાસુની સાડીનો છેડો પકડી લઇ ભેટ માંગે છે.

ગુજરાતના અજમેરી સમાજમાં જમણવાર મોટેભાગે શુદ્ધ શાકાહારી ગુજરાતી વાનગીઓનો જ હોય છે જો કે તેમાં પણ હવે આધુનિકતાની અસર સ્પષ્ટ રીતે દેખાય છે. વરરાજા માંડવે જમવા નાં પધારતાં તેમના માટે વરપક્ષના ઉતારા પર જ વરભાણું આવે છે.

જમ્યા બાદ વરઘોડા સ્વરૂપે વરપક્ષ માંડવે આવે છે અને ત્યાં નિકાહની વિધિ કરવામાં આવે છે. નિકાહની વિધિ બાદ કન્યા પક્ષ તરફથી વરપક્ષના સ્ત્રી પુરુષો ને સાડી અને ધોતી પેટે શર્ટ કે પેન્ટ પીસની પહેરામણી કરવામાં આવે છે.અજમેરી સમાજના લગ્ન ગીતો ગુજરાતી ભાષામાંજ ગવાય છે પહેરવેશ, બોલી અને લગ્નગીતોના આધારે આ

મુસ્લિમ સમાજના લગ્ન છે એવું લાગતું નથી. મોલવી દ્વારા નિકાહની વિધિ થાય છે. જે વિધિ ખૂબ જ ટૂંકી અને સરળ હોય છે.

**કન્યા વિદાય :** કન્યા વિદાય થાય ત્યારે વરની ગાડીના પૈડા નીચે શ્રીફળ વધેરવામાં આવે છે. વર કન્યા નિજ ઘેર પરત ફરે ત્યારે વરરાજાની માતા તાંબાના લોટામાં પાણી ભરી બંનેની નજર ઉતારે છે. બે દશકા પહેલા માટીનું ઠીકરું પણ ભગાવવામાં આવતું. કાઠીયાવાડી અજમેરી સમાજમાં કન્યા પક્ષ તરફથી માં માટલું અને પ્રજ્વલિત કરેલું ફાનસ આપવાનો રિવાજ પણ છે, જેમાં મીઠાઈ, સુકો મેવો હોય છે.

**વીંટી રમાડવાની વિધિ :** વર કન્યાના ઘરમાં સલામત પ્રવેશ બાદ બંને ગોત્રજના બાજઠ સમક્ષ સલામ કરે છે ત્યારપછી વરરાજાની ફોઈ દ્વારા વીંટી રમાડવાની વિધિ કરવામાં આવે છે. મોટા થાળમાં પાણી ભરીને તેમાં કંકુ કે કલર નાખીને તેને રંગીન બનાવવામાં આવે છે. આ પાણીમાં એક રોકડો રૂપિયો, ચાંદીની વીંટી, એક સોપારી, સાત અન્ય સિક્કાઓ બંન્નેની સામે નાખવામાં આવે છે. વર કન્યા ચપળતાથી આ રંગીન પાણીમાં હાથ નાખીને રોકડો રૂપિયો શોધી લાવે છે, આવું સાત વખત કરવામાં આવે છે.જે વધુ વાર રોકડો રૂપિયો શોધવામાં સફળ થાય તે વિજેતા ગણાય છે.

**ગાંઠો છોડવાની વિધિ :** વીંટી રમાડવાની વિધિ બાદ વરરાજાના હાથરૂમાલનો છેડો અને કન્યાની સાડીના પાલવના છેડાની ગાંઠ મારવામાં આવે છે. કન્યા ગાંઠ મારે ત્યારે વરરાજા તેને છોડે છે જયારે વરરાજા બાંધે ત્યારે કન્યા આ ગાંઠ છોડે છે, આવું પાંચ કે સાત વાર કર્યા બાદ બંને એકબીજાના મીંઢળની ગાંઠો આજ રીતે છોડે છે.

**સીમાંતની વિધિ :** વહુ ગર્ભવતી થાય ત્યારે પાંચમાં કે સાતમાં મહીને સીમંતની વિધિ કરવામાં આવે છે. વહુના પિયરમાં પત્ર લખીને સીમાન્તવિધીનું વિધિસર આમંત્રણ પાઠવવામાં આવે છે. વહુને નવા કપડાં, વેણી, ગજરો, ગુલાબનો હાર પહેરાવી શણગારવામાં આવે છે. વહુની સૌભાગ્યવતી નણંદ ,જેઠાણી, કે કાકી સાસુ એક સુપડામાં આશરે અઢી કિલો ઘઉં, સાત હળદરના ગાંગડા, વાળના સાત ટેટા, કમળકાકડી, સોપારી, સવારુપીયો, શ્રીફળ વગેરે વસ્તુઓ વહુને બાજઠ પર ઉભી રાખી સાડીના ખોળામાં મૂકવામાં આવે છે ફરી પાછી સુપડામાં લેવામાં આવે છે. આવું સાત વાર કરવામાં આવે છે. ત્યારબાદ વહુના ખોળામાં એક તંદુરસ્ત બાળક બેસાડવામાં આવે છે. બાળકને રોકડ ભેટ આપીને વહુ પિયર આવા નીકળે છે ત્યારે તેના દરેક ડગલા આગળ પગના અંગુઠા પાસે રૂપિયાનો સિક્કો મૂકવામાં આવે છે. જે વહુની નણંદ કે નાના બાળકો લઈ લે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. વહુના પિયર જતાં રસ્તામાં આવતી તમામ નદીઓમાં પૈસો કે રૂપિયો ટકા રૂપે નદીમાં નાખવામાં આવે છે.

**તહેવારોની ઉજવણી :** ગુજરાતના અજમેરી સમાજમાં મુસ્લિમ તહેવારોની સાથે સાથે દિવાળી, હોળી નવરાત્રી જેવા તહેવારોની ઉજવણી પણ કરે છે. કારણ કે ઘણું કરીને અજમેરી સમાજ ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં હિંદુ સમાજની બહુમતી વાળા ગામડામાં એકલ દોકલ વસે છે, આમ  અજાણે તેના રોજીંદા જીવનમાં ભારતીય પરંપરા વણાઈ ચૂકી છે.

**ઉપસંહાર :** ગુજરાતનો મુસ્લિમ અજમેરી સમાજ રાજસ્થાનના રાજપૂત કે કોઈ અન્ય હિંદુ સમાજમાંથી ધર્માંતરણ કર્યું હોવાથી તેમજ તેમનો વસવાટ ગુજરાતના બહુમતી હિંદુ સમાજના ગ્રામ્ય વિસ્તારમાં કર્યો હોવાથી ભારતીય પરંપરા અને ખાસ કરીને હિંદુ પરંપરા આજે પણ સ્પષ્ટ પણે દેખાય છે.

- **સંદર્ભ સૂચિ :**

(૧) પી.એચ.ડી. શોધ નિબંધ અજમેરી એમ.એ.,ગુજરાતના અજમેરી સમાજનું સામાજિક આર્થિક, અને સંસ્કૃતિક ક્ષેત્રે

પ્રદાન: વીસમી સદીના સંદર્ભમાં એક અધ્યયન

(૨) માસ્તર કરીમ મહંમદ, મહા ગુજરાતના મુસલમાનો,એમ.એસ. યુનીવર્સીટી, વડોદરા, ૧૯૬૯ પેજ. નં. 354

- **રૂબરૂ મુલાકાત :**

(૧) અજમેરી મહેમુદાબેન ઈબ્રાહીમભાઈ, દરિયાપુર, અમદાવાદ, તા. - ૨૮/૦૮/૨૦૦૮.

(૨) અજમેરી રુકૈયાબેન સમસુદ્દીનભાઈ, દરિયાપુર, અમદાવાદ, તા. - ૨૮/૦૮/૨૦૦૮.

(૩) અજમેરી મદીનાબેન અબ્દુલભાઈ, જુહાપુરા, અમદાવાદ, તા. -૨૦/૦૮/૨૦૦૮.

(૪) અજમેરી ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ, ગાંધીનગર, તા. - ૧૭/૦૭/૨૦૦૯.

(૫) અજમેરી આબેદાબેન કાદરભાઈ, અમદાવાદ, તા. - ૨૮/૦૮/૨૦૦૮.

(૬) અજમેરી હુસેનાબેન ઈબ્રાહીમભાઈ, ગાંધીનગર, તા.- ૧૭/૦૭/૨૦૦૯.

(૭) આલવી દીલાવરભાઈ રેહમાનભાઈ, અમદાવાદ ,તા. - ૦૨/૦૬/૨૦૧૦.

(૮) બેલીમ હબીબભાઈ પીરભાઈ,અમદાવાદ તા. - ૦૨/૦૬/૨૦૧૦.

(૯) અજમેરી હાજરાબેન કાસમભાઈ આંબલીયાસણ,તા., જિ.-મહેસાણા, તા. - ૧૭/૦૫/૨૦૧૦.

(૧૦) અજમેરી નઝમાબેન મયુદ્દીનભાઈ આંબલીયાસણ,તા.,જિ.-મહેસાણા, તા. - ૧૭/૦૫/૨૦૧૦.